






# ભરૂચમાં વરસાદી તાંડવ: વાલિયામાં ૪.૫ ઇંચ

**ઝીરો** વિઝિબિલિટીથી વાહનચાલકો હેરાન

**સોનેરી** મહેલ વિસ્તારમાં પાણીની પાઇપલાઇનમાંથી સાયરન જેવો અવાજ આવતાં કુતૂહલ

### ભરૂચ જિલ્લાના ત્રણ ડેમની સપાટી

પીંગોટ-131 મીટર (4.12 ટકા જથ્થો, સામાન્ય વધારો)
બલદેવા-135.35 મીટર (18.15 ટકા જથ્થો, સામાન્ય વધારો)
ધોલી-130 મિટર (40.57 ટકા જથ્થો, સામાન્ય વધારો)

ભરૂચ: ભરૂચ જિલ્લામાં શુક્રવારે બપોરે વરસાદે માત્ર બે કલાકમાં સમગ્ર પંથકને પાણી-પાણી કરી દીધું હતું. બપોરે જ રાત જેવો અહેસાસ થતાં ઝીરો વિઝિબિલિટી વચ્ચે વાહનચાલકો હેડલાઈટો ચાલુ રાખવા મજબૂર બન્યા હતા. માત્ર બે કલાકમાં સૌથી વધુ વરસાદ વાલિયામાં ૪.૫ ઇંચ, અંકલેશ્વર અને હાંસોટમાં ૨.૭૫ ઇંચ તેમજ નેત્રંગમાં ૨ ઇંચ, ભરૂચમાં 4 મીમી, ઝઘડિયામાં 16 મીમી, જંબુસરમાં 17 મીમી, આમોદમાં 11 મીમી વરસાદ પડ્યો હતો. ભારે વરસાદથી અંકલેશ્વરની નીચાણવાળી સોસાયટીઓ અને માર્ગો પર અડધા ફૂટથી વધુ પાણી ભરાઈ જતાં જનજીવન ઠપ્પ થયું હતું. આ તરફ સોનેરી મહેલ વિસ્તારમાં પાણીની પાઇપલાઇનમાંથી સાયરન જેવો અવાજ આવતાં કુતૂહલ સર્જાયું હતું.



## ચોમાસું આફત બન્યું: ભરૂચના રેડક્રોસ જનઔષધિ કેન્દ્ર સુધી પહોંચવું મુશ્કેલ

ભરૂચ: રાજ્યમાં ચોમાસું સક્રિય બન્યું ત્યારથી ભરૂચ સિવિલ હોસ્પિટલ પરિસરમાં આવેલા 'રેડક્રોસ આધારિત જનઔષધિ કેન્દ્ર' સુધી પહોંચવા માટે સામાન્ય નાગરિકોએ લગભગ અડધો કિલોમીટર દૂર પગદંડી પસાર કરવી પડી રહી છે. ગટરલાઇન નાંખવા માટે મુખ્ય રસ્તો ખોદી કાઢવામાં આવતાં આ કેન્દ્ર સુધી પહોંચવું દુષ્કર બન્યું છે. વિશેષતા એ છે કે આ કામ ઉનાળા દરમિયાન શા માટે ન થયું, એનો પ્રશ્નાર્થ ઊભો થઇ રહ્યો છે.

## નેત્રંગમાં કપાસ અને તુવેરનું સૌથી વધુ વાવેતર

નેત્રંગ: નેત્રંગ પંથકમાં મોસમનો કુલ ૪ ઇંચ (૧૦૭ મીમી) વરસાદ નોંધાયો છે, જેમાં માત્ર ૩જી તારીખે જ બપોરે ૨ ઇંચ વરસાદ ખાબક્યો હતો. આ સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. પંથકમાં અત્યાર સુધીમાં કુલ ૫૧૯૧ હેક્ટર જમીનમાં વાવેતર સંપન્ન થયું છે, ડાંગરનું ૫૬૭ હેક્ટર, મકાઇનું ૧૪૪ હેક્ટર, તુવેરનું ૧૩૨૫ હેક્ટર, અળદનું ૧૧ હેક્ટર, સોયાબીનનું ૩૧૨ હેક્ટર, કપાસનું ૨૦૭૬ હેક્ટર, શાકભાજીનું ૫૨૪ અને ઘાસચારાનું ૨૩૨ હેક્ટરમાં વાવેતર થઈ ગયું છે.

## અંકલેશ્વર-હાંસોટ રોડ પર આમલાખાડી ડાઈવર્ઝન બંધ, હજારો વાહનો અટવાયાં

ભરૂચ: ચોમાસાના માત્ર ચોથા દિવસે અંકલેશ્વરમાં શુક્રવારે ઝીરો વિઝિબિલિટી વચ્ચે પડેલા ધોધમાર વરસાદને કારણે આમલાખાડી ડાઈવર્ઝન પર પાણી ફરી વળ્યા છે. ડાઈવર્ઝનમાં નાનાં ભૂંગળાં નાંખવામાં આવ્યાં હોવાથી પાણીનો નિકાલ ન થતાં, અંકલેશ્વર-હાંસોટ રોડ વાહનવ્યવહાર માટે બંધ કરવાની નોબત આવી છે. આ માર્ગ પર દૈનિક ૧.૫ લાખથી વધુ PCU ટ્રાફિક રહે છે, જેથી સુરત-અમદાવાદ વચ્ચે વાહનોની લાંબી કતારો લાગી ગઈ છે. 'ગુજરાતમિત્ર'ના અહેવાલે ગત એપ્રિલ-૨૦૨૬માં જ આ અંગે દહેશત વ્યક્ત કરી હતી.

## અંકલેશ્વરમાં સ્વર્ણિમ લેકવ્યુ પાર્કની દીવાલ ધરાશાયી

અંકલેશ્વર: અંકલેશ્વરના સ્વર્ણિમ લેકવ્યુ પાર્કની ૧૫ મીટર જેટલી કમ્પાઉન્ડ દીવાલ પ્રથમ વરસાદમાં જ ધરાશાયી થતાં પાલિકાના બાંધકામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊઠ્યા છે. સદનસીબે આ દુર્ઘટનમાં કોઈ જાનહાનિ થઈ નથી. વર્ષ-૨૦૨૩માં અમદાવાદની દેવર્ષ કન્સ્ટ્રક્શન કંપની દ્વારા આ પાર્ક બનાવાયો હતો. સ્થાનિકોના મતે દીવાલના અન્ય ભાગોમાં પણ તિરાડો પડતાં તે જોખમી બન્યા છે. પાલિકા પ્રમુખ જીજ્ઞેશ અંદાડિયાએ જણાવ્યું કે, વરસાદી કાંસની માટી ધસવાના કારણે આ ઘટના બની છે, જેનું સમારકામ કોન્ટ્રાક્ટરની ડિપોઝિટમાંથી ટૂંક સમયમાં કરાશે.

## આમલાખાડી બે કાંઠે, વરસાદી પાણી ભરાતાં અંકલેશ્વર જળબંબોળ


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર, જીઆઈડીસી અને ગ્રામ્ય વિસ્તારોમાં સતત વરસી રહેલા વરસાદના કારણે સર્વત્ર પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. ખરોડથી ભાદી ગામને જોડતા માર્ગ પર પાણી ભરાતા વાહનવ્યવહાર ખોરવાયો છે. પીરામણ વિસ્તારમાં આમલાખાડી બે કાંઠે વહેતી થતાં વેપારીઓ અને નીચાણવાળા વિસ્તારના રહીશોમાં પૂરનો ભય વ્યાપ્યો છે. બીજી તરફ શાલીમાર હોટલ, વનવિભાગ નર્સરી રોડ તેમજ જીઆઈડીસીની રાલીસ અને રાજપીપળા ચોકડી જેવા મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થતાં નોકરિયાતો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ પરિસ્થિતિએ તંત્રની ડ્રેનેજ વ્યવસ્થાની પોલ ખોલી દીધી છે.

## કીમની સાધના હોસ્પિટલમાં ICU સુધી પાણી પહોંચતાં દર્દીને રજા આપવી પડી



કિરણ ઢોડિયા

કીમ: કીમ ગામમાં ત્રણ કલાકના ભારે વરસાદને કારણે સ્થાનિક સાધના હોસ્પિટલમાં પાણી ઘૂસી ગયા હતા. ડો.સુરેશ છાબરાના જણાવ્યાનુસાર હોસ્પિટલના ICU વિભાગમાં પાણી ભરાઈ જતાં દર્દીની સુરક્ષા કાજે તેને તાત્કાલિક રજા આપવી પડી હતી. ઉપરાંત નવજીવન, અમૃતનગર અને શિવજીનગર સહિતની સોસાયટીઓમાં પણ ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં લોકોને અવરજવરમાં ભારે હાલાકી ભોગવવી પડી હતી. નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થતાં સ્થાનિકોએ તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી સામે રોષે ભરાઈને ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

## વેલાછા-શેઠી વચ્ચેનો પુલ પાણીમાં ગરકાવ થયો

હથોડા: વેલાછા અને શેઠી વચ્ચે આવેલો પુલ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પુલ ડૂબી જતાં વેલાછા, શેઠી અને તડકેશ્વર તરફ જતા ગ્રામીણ વિસ્તારોનો સંપર્ક તૂટ્યો છે અને જનતાની અવરજવર સંપૂર્ણ બંધ થઈ ગઈ છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વેલાછાના જાગૃત નાગરિકોએ સ્થળ પર પહોંચી લોકોને જોખમ ખેડતા અટકાવ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ, વર્ષો પહેલાં અહીં નીચો પુલ હોવાથી ત્રણ વિદ્યાર્થીઓ ડૂબી ગયા હતા.

## માંડવીમાં વરસાદે નગરપાલિકાની પોલ ઉઘાડી પાડી


હિતેશ પટેલ

માંડવી: માંડવીમાં મેઘરાજાની પ્રથમ ઇનિંગમાં જ માત્ર ૫ (૧૨૫ મીમીથી વધુ) ઈંચ વરસાદ ખાબકતા પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓ પોકળ સાબિત થતાં સ્થાનિકોમાં ભારે આક્રોશ છે. વોર્ડ નં-૩ ના વજીર ફળિયામાં ઇતિહાસમાં પહેલીવાર ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. આ ઉપરાંત રાવળિયા ફળિયું, એપીએમસી અને સોની ફળિયું જેવા વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા, જ્યારે વોર્ડ નં-૨માં ઝાડ ધરાશાયી થવાની ઘટના સામે આવી છે.

## કામરેજ ખોલવડ સર્વિસ રોડ પર ફરી પાણી ભરાયા


વિશાલ પટેલ

કામરેજ: સુરત જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઇવે નં.૪૮ની બાજુમાં કામરેજ ચાર રસ્તાથી ખોલવડ જતા સર્વિસ રોડ પર ફરીવાર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. હજી તો ચોમાસાની સિઝનની શરૂઆત જ થઈ છે, ત્યાં આવા હાલ છે. તો આવનારા દિવસો ભારેથી અતિ ભારે વરસાદ પડશે તો શું થશે.

## વરસાદી કહેર: માંડવીમાં ગરેડિયા નાકાનો ડાયવર્ઝન રસ્તો ધોવાતાં વાહન વ્યવહાર ખોરંભે ચઢ્યો

માંડવી: વરસાદી પાણીના પ્રવાહને કારણે ગરેડિયા નાકાનો ડાયવર્ઝન રોડ ધોવાઈ જતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. આ માર્ગ બંધ થવાથી સ્થાનિક રહીશો અને વાહનચાલકોને ૩થી ૪ કિલોમીટર લાંબુ ફરીને જવાની ફરજ પડી રહી છે, જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. માંડવી-તરસાડા થઈને મઢી જતાં નેશનલ હાઈવે પર પણ પાણી ફરી વળ્યા છે. મુખ્ય હાઈવે પર પાણી ભરાઈ રહેવાથી વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. માંડવી અને અરેઠ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું છે.

# બારડોલીમાં ચાર ઇંચ વરસાદ તાલુકાના પાંચ રસ્તા બંધ થયા

**વાંકાનેર**-પારડી-વાલોડ રોડ પર કોઝ વે ઓવરટોપિંગ થતાં પારડી વાલોડ ગામ સંપર્કવિહોણું બન્યું


કેતન પટેલ

બારડોલી, કડોદ: મેઘરાજાની સાર્વત્રિક તોફાની ઇનિંગ્સ વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં બારડોલી તાલુકામાં ૧૦૩ મિમી એટલે કે અંદાજે ૪ ઇંચ જેટલો ભારે વરસાદ ખાબકતાં સમગ્ર પંથક પાણી-પાણી થઈ ગયો છે. ભારે વરસાદને તાલુકાના અનેક નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે, જેને પગલે જનજીવન પ્રભાવિત થયું છે. માર્ગ અને મકાન વિભાગના સત્તાવાર અહેવાલ અનુસાર, સુરત જિલ્લાના કુલ ૨૫ બંધ રસ્તાઓ પૈકી માત્ર બારડોલી તાલુકાના જ ૫ ગ્રામ્ય માર્ગો પર પાણી ફરી વળતા (ઓવરટોપિંગ) વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે.

તાલુકાના વાંકાનેર-પારડી-વાલોડ રોડ પર કોઝ વે ઓવરટોપિંગ થતાં પારડી વાલોડ ગામ સંપર્કવિહોણું બન્યું છે, જેના કારણે વાહનચાલકો માટે વાંકાનેર અલ્લુથી મહુવા સ્ટેટ હાઇવે રોડનો વૈકલ્પિક માર્ગ ખુલ્લો કરાયો છે. આ ઉપરાંત સુરાલી ગામને જોડતા ત્રણ મુખ્ય રસ્તાઓ સુરાલી કોટમુડા થી બેલ્ધા રોડ, સુરાલી ધારીયા ઓવારા રોડ અને સુરાલી સવિન જકાભાઈના ઘરથી ધારિયા કોઝવે રોડ પર પૂરના પાણી ફરી વળ્યા છે. આ માર્ગો બંધ થતાં સ્થાનિકો માટે સ્ટેટ હાઇવે-૫ (SH-5) તેમજ અન્ય આંતરિક રસ્તાઓનો વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ઉપયોગ કરવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. સેજવાડ એપ્રોચ રોડ પર પણ કોઝવે ઓવરસ્ટોપિંગ થતાં સેજવાડ ગામ પ્રભાવિત થયું છે અને મુસાફરોને સેજવાડ વાંગડી ફળિયા રોડ તરફ ડાયવર્ટ કરાયા છે.

હાલમાં જ પડેલા પ્રથમ વરસાદે કડોદ મીયાવાડી ગ્રુપ ગ્રામ પંચાયતની પ્રિ-મોન્સૂન સફાઈના દાવાઓની પોલ ખોલી નાંખી છે. પંચાયતની નબળી કામગીરીને કારણે નવા બનેલા શોપિંગ સેન્ટરમાં વરસાદી પાણી ભરાઈ જતાં સ્થાનિક વેપારીઓના માલ-સામાનને વ્યાપક આર્થિક નુકસાન પહોંચ્યું છે. બીજી તરફ ગામના મુખ્ય સરદાર પટેલ માર્ગ પર આવેલી ગટરલાઈન યોગ્ય સફાઈના અભાવે સંપૂર્ણ ચોકઅપ થઈ ગઈ છે. ગંદું અને દુર્ગંધ મારતું પાણી રસ્તા પર ઊભરાતાં સમગ્ર વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય સ્થપાયું છે. ચોમાસાની શરૂઆતમાં જ સર્જાયેલી આ નર્કાગાર જેવી સ્થિતિથી રોગચાળો વકરવાની ભીતિ સેવાઈ રહી છે.

## લોકાર્પણ પહેલાં જ વિવાદ: કોસાડી-હરિપુરાને જોડતા નવા બ્રિજમાં ગાબડાં પડ્યાં


કેતન પટેલ, ચેતન ટેલર

કડોદ, બારડોલી: તાપી નદી પર કોસાડી અને હરિપુરા ગામને જોડતો નવો હાઈલેવલ બ્રિજ આગામી 11મી જુલાઈના રોજ લોકાર્પણ થનાર છે, પરંતુ સત્તાવાર ઉદઘાટન પહેલાં જ તેના પર ખાડા પૂરવાની કામગીરી શરૂ થતાં બાંધકામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વાહનોની અવરજવર શરૂ થાય તે પહેલાં જ રોડ બેસી જવાની અને તિરાડો પડવાની ઘટના સામે આવી છે. સ્થાનિક રહીશોના આક્ષેપ મુજબ બ્રિજના એપ્રોચ રોડમાં નિયમ મુજબની પીળી ગોરમટીને બદલે હલકી કક્ષાની કાળી માટી વાપરવામાં આવી છે. પ્રોપર કોમ્પેક્શન ન થવાને કારણે રોડ ધસી પડ્યો છે, જ્યારે સ્લેબની તિરાડો છુપાવવા સિમેન્ટનાં થીગડાં મરાયાં છે. આ સમગ્ર કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કરી ગ્રામજનોએ જવાબદાર કોન્ટ્રાક્ટર અને સરકારી અધિકારીઓ સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

# વરસાદે મહુવા પંથકમાં તબાહી મચાવી

**અનાવલ**-વસરાઈમાં મકાનોને નુકસાન, અનેક ગામોમાં ઘરોમાં પાણી ઘૂસ્યાં


મેહુલ પટેલ

અનાવલ: મહુવા તાલુકામાં સતત વરસી રહેલા ધોધમાર વરસાદે ગ્રામ્ય વિસ્તારોમાં ભારે નુકસાન સર્જ્યું છે. અનેક ગામોમાં નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં લોકોને ઘરવખરી અને દૈનિક ઉપયોગની ચીજવસ્તુઓને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

અનાવલ ગામમાં રહેતા નિલેશ પટેલના રહેણાક મકાનને ભારે વરસાદના કારણે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. જ્યારે વસરાઈ ગામમાં રમણભાઈના મકાનને પણ વરસાદથી નુકસાન પહોંચ્યું છે. બંને સ્થળોએ સ્થાનિકોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. ઉપરાંત મહુવા તાલુકાનાં અનેક ગામોમાં વરસાદી પાણી ઘરોમાં ફરી વળતાં લોકોની ઘરવખરી પલળી ગઈ હતી. કેટલાક પરિવારોને પાણી બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. સતત વરસાદને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે અને ગ્રામ્ય વિસ્તારોમાં મુશ્કેલીઓ વધી છે. સ્થાનિક લોકો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સરવે કરી નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવે તેમજ પીડિત પરિવારોને યોગ્ય સહાય આપવામાં આવે તેવી માંગ ઊઠી છે. પ્રશાસન દ્વારા પણ પરિસ્થિતિ પર સતત નજર રાખી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## અનાવલ પાસે ટ્રેક પર વૃક્ષ ધરાશાયી થતાં વઘઈ-બીલીમોરા નેરોગેજ ટ્રેન મોડી પડી


મેહુલ પટેલ

અનાવલ : ભારે વરસાદને કારણે અનાવલ નજીક વઘઈ-બીલીમોરા નેરોગેજ રેલવે લાઇનના ટ્રેક પર એક વૃક્ષ ધરાશાયી થયું હતું. ટ્રેક પર વૃક્ષ પડી જતાં ટ્રેનના સંચાલન પર અસર થઈ હતી અને ટ્રેનને નિર્ધારિત સમય કરતાં થોડું મોડું દોડાવવી પડી હતી. જો કે, સમયસર વૃક્ષ હટાવી ટ્રેકને ક્લીયર કરવામાં આવ્યો હતો. સદનસીબે સમગ્ર ઘટનામાં કોઈ અકસ્માત કે જાનહાનિ સર્જાઈ નહોતી.

## અતિવૃષ્ટિથી અંબિકા અને મહુવામાં 19 ગ્રામ્ય રસ્તા બંધ

અનાવલ: સુરત જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. ભારે વરસાદ અને નદી-નાળા ઉભરાવાના કારણે પંચાયત હસ્તકના કુલ ૧૯ રસ્તા વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યા છે.

સૌથી વધુ અસર અંબિકા તાલુકામાં થઈ છે, જ્યાં ૧૨ મુખ્ય રસ્તા પર પાણી ફરી વળ્યા છે. જ્યારે મહુવા તાલુકામાં પણ ૭ રસ્તાઓ બંધ થતાં લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. તંત્ર દ્વારા વાહનચાલકોને સ્ટેટ હાઈવે-૧૭૮ અને સ્ટેટ હાઈવે-૧૬૫ સહિતના વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા તથા બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરાઈ છે. માર્ગ અને મકાન વિભાગના જણાવ્યા મુજબ પાણી ઊતરતા જ યુદ્ધના ધોરણે સમારકામ કરી રસ્તાઓ પુનઃ શરૂ કરાશે.

અંબિકા તાલુકામાં કોષ ખાખરી ફળિયાથી ચડાવ રોડ, વહેવલ હટવાડા ઝાડી ફળિયા રોડ, વહેવલ ખુંટી ફળિયા રોડ, મહુવરીયા પટેલ ફળિયાથી લીમડી ફળિયા થઈ કાકરીમોરા કોલોની રોડ, ગાંગડીયા ડાઉતપોર ફળિયા અને મહુડી ફળિયા રોડ, બુટવાડા ભવાની ફળિયા રોડથી જિલ્લાની હદ સુધીનો માર્ગ તેમજ લસણપુર શામજી ફળિયા રોડ સહિતના મુખ્ય રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે.

મહુવા તાલુકામાં નળધરા સરકાર ફળિયાથી બેઝીયા ફળિયા રોડ, ખરવણ ભીલ ફળિયા અને કોધાર ફળિયા રોડ, નળધારા વજેસિંગથી કહૈયા હનુમાન મંદિર રોડ, અલગટ બાવલી ફળિયા રોડ તેમજ કહૈયા એપ્રોચ રોડ સહિતના માર્ગો હાલ વાહનવ્યવહાર માટે બંધ છે.


### જાહેર હરાજી

અરેઠ ગ્રુપ ગામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ જૂની ગામ પંચાયતની ઈમારત હાલ જર્જરીત સ્થિતિમાં હોવાથી તેનો ઉપયોગ કરવો હિતાવહ નથી. જેની અંદાજિત અપસેટ કિંમત રૂ.2704/- નક્કી કરવામાં આવી છે. જે કોઈ રસ ધરાવતા ઈચ્છુક વ્યક્તિઓ હોય તેઓએ તા. 13-07-2026, સોમવારના રોજ સવારે 11:30 કલાકે પંચાયત કચેરીએ રૂબરૂ હાજર રહી હરાજી પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

અરેઠ ગ્રુપ ગ્રામ પંચાયત
તા.અરેઠ , જિ. સુરત

સરપંચ
શ્રી સત્યેનભાઈ આર.ચૌધરી


## તરસાડી, કોસંબા, કીમ ચાર રસ્તા વિસ્તારમાં પાણી ભરાયા


ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડા, તરસાડી, કોસંબા અને કીમ ચાર રસ્તા પંથકમાં છેલ્લા ત્રણ દિવસથી પડેલા ભારે વરસાદે વહીવટી તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી દીધી છે. જાહેર માર્ગો, બજારો અને સોસાયટીઓમાં ઘૂંટણસમા પાણી ભરાઈ રહેતાં સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો નિકાલ ન થતાં છેલ્લા ત્રણ દિવસથી જળબંબાકારની સ્થિતિ છે, જેના લીધે વાહનવ્યવહાર અને વેપાર-ધંધા ઠપ થઈ ગયા છે.

## ઓલપાડ પંથકમાં મજૂરોની અછત વચ્ચે ખેડૂતોએ મશીનરીથી ડાંગરની રોપણી શરૂ કરી



સાયણ: ઓલપાડ તાલુકામાં વાવણી લાયક વરસાદી માહોલ જામતાં ડાંગરની ખેતી કરતા ખેડૂતોએ રોપણીના શ્રીગણેશ કર્યાં છે. મોંઘી મજૂરી અને ખેત મજૂરોની અછતના કારણે આ વર્ષે ખેડૂતો પરંપરાગત પદ્ધતિ છોડીને આધુનિક મશીનરી તરફ વળ્યા છે. હાલમાં ધરૂ સાથે મશીનથી રોપણીનો ભાવ પ્રતિ વીંઘા દીઠ રૂ.૫,૫૦૦, ધરૂ વિના રોપણીનો ભાવ રૂ.૨,૭૦૦ અને ફક્ત ધરૂનો ભાવ રૂ.૧,૫૦૦ ચાલી રહ્યો છે. ગત વર્ષે પણ કેટલાક ખેડૂતોએ મશીનથી રોપણી કરી સમય અને ખર્ચ બંનેની બચત સાથે સારું ઉત્પાદન મેળવ્યું હતું, જેનાથી પ્રેરાઈને ચાલુ વર્ષે અન્ય ખેડૂતોએ પણ મશીનરીનો સહારો લીધો છે. ઓલપાડના ખેડૂત વાલાભાઈ આહીર અને દિવ્યેશ આહીરે જણાવ્યું કે, તેઓ વર્ષોથી ડાંગરની કાપણી હાર્વેસ્ટરથી કરે છે. મજૂરોની અછત વચ્ચે ગત વર્ષથી તેમણે મશીનથી રોપણી શરૂ કરી હતી. મશીનરીના ઉપયોગથી એક સરખા માપમાં રોપણી થતાં ઉત્પાદન સારું મળે છે અને આર્થિક ફાયદો થાય છે. નહેરમાં પાણી બંધ થતાં રોપણી અટકી હતી, પરંતુ હવે યોગ્ય વરસાદ થતાં મશીનથી રોપણી ફરી વેગવંતી બની છે.

## મધર ઇન્ડિયાનો ઐતિહાસિક ડેમ છલકાયો

ભોરિયા, અનાવલ: સુરત ગ્રામ્ય વિસ્તારમાં ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે અંબિકા નદીમાં જબરદસ્ત પાણીની આવક નોંધાઈ છે. નદી ઉફાન પર આવી જતા કિનારાના વિસ્તારોમાં સાવચેતી રાખવા તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે. ઉમરા ગામ ખાતે આવેલો ઐતિહાસિક મધર ઇન્ડિયા ડેમ પણ છલકાઈ ગયો છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં આકર્ષક પરંતુ ચિંતાજનક દ્રશ્યો સર્જાયાં છે.


Milano MULTIPLEX
બારડોલી
Alpha
10:00am, 12:00pm, 03:00pm, 07:10pm, 09:00pm, 10:00pm
Minions & Monsters
02:00pm, 05:00pm
Welcome To The Jungle
10:50am, 12:50pm, 04:00pm, 05:45pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333